અપીલ અરજી નં.૪૦૨ તા.૧૪/૧૫–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કે.એ. ધીવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે.એ. ધીવાલાની તા.૧૧–૨–૧૧ની અરજીથી મુદ્દાનં.(૧) વોર્ડ નં.૧૨, નોંધ.૧૩૫૨ પૈકીના નીચેના ટેનામેન્ટવાળી મિલ્કતના વપરાશ,વસવાટ, ભોગવટો કરનાર કબ્જેદારોના નામ આકારણી દફતરેથી ડીલીટ કરવા ,ટ્રસ્ટી ધ્વારા આવેલ અરજીઓ ,વેચાણ કરારની નકલો/લેખ, વેરાબીલો, ભરેલ વેરાબીલો, ૩ કબજા રસીદો, ૧ જાહેર નોટીશ, ૧ મરણ દાખલો, તા.૮–૧૨–૦૬ ની ટ્રસ્ટ ઓફ મોગલ ઈમામવાડા મસ્જીદ તરફથી આપના ખાતાને આપેલ આ સાથે બીડેલ છે તેની માર્કીગ કર્યાની નકલો આપવા બાબત. ટેનામેન્ટ નં. ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૭ , ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ , ૧૨એ–૧૫ –૦૯૩૧–૦–૦૧૪, ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૨૦, ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૨૨ વિ.મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૧૪/૧૫–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૨/૨૦૧૦–૧૧.

શ્રી કે.એ. ધીવાલાની તા.૧૧–૨–૧૧ની અરજીથી મુદ્દાનં.(૧) વોર્ડ નં.૧૨, નોંધ.૧૩૫૨ પૈકીના નીચેના ટેનામેન્ટવાળી મિલ્કતના વપરાશ,વસવાટ, ભોગવટો કરનાર નામ આકારણી દફતરેથી ડીલીટ કરવા ,ટ્રસ્ટી ધ્વારા આવેલ અરજીઓ ,વેચાણ કરારની નકલો/લેખ, વેરાબીલો, ભરેલ વેરાબીલો, કબજા રસીદો, જાહેર નોટીશ, ૧ મરણ દાખલો, તા.૮–૧૨–૦૬ ની ટ્રસ્ટ ઓફ મોગલ ઈમામવાડા મસ્જીદ તરફથી આપના ખાતાને આપેલ આ સાથે બીડેલ છે તેની માર્કીગ કર્યાની નકલો આપવા બાબત ટેનામેન્ટ નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૭ ,૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ , ૧૨એ –૧૫ –૦૯૩૧–૦–૦૧૪ ,૧૨એ–૧૫– ૦૯૩૧–૦–૦૨૦, ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૨૨ વિ.મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ /૧૭૫૯ તા.૫–૩–૧૧ થી આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪/૧૫–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે અરજદારે પ્રસ્તાવ કરેલ તપાસણી મેળવી છે કે કેમ? તે જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૪૭ તા.૧૯–૩–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ મુજબ તમોએ તપાસણી કરેલ છે કે કેમ? તે પછી શું નારાજગી છે તે જણાવવા તેમજ માંગ્યા પૈકી કઈ માહિતી ખોટી–અધુરી છે તે અંગે આધાર સહ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૧૫૧ તા.૧૯–૪–૧૧ નો પૂરક પત્ર ધ્વારા માહિતી મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૫–૩–૧૧ નો રજૂઆત પત્ર,સે.ઝોન/આરટીઆઈ/૧૦૭૬ તા.૧૯–૩–૦૮ ના પત્રની નકલ, સી.ઝેડ/આરટીઆઈ/૧૫૨૮ તા.૨–૨–૧૦ ના પત્રની નકલ , નં.એઆરડી/૧૩૬ તા.૩–૨–૧૦ ના પત્રની નકલ, સી.ઝેડ/આરટીઆઈ/૧૩૧૦ તા.૨૨–૧૨–૦૮ ના પત્રની નકલ , સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૭૮ તા.૩–૫–૧૦ ના પત્રની નકલ, સૈયદ સાબીહા ના તા.૨૭–૩–૦૮ ના પત્રની નકલ, તા.૨૧–૩–૦૮ નો સ્ટેબીલીટીના રીપોર્ટની નકલ, સી.ઝેડ/આરટીઆઈ/૯૨૫ તા.૭–૧૦–૦૯ ના પત્રની નકલ, તા.૨૫–૨–૧૦ નો એસેસમેન્ટ પત્રની નકલ, નં.એઆરડી/૧૩૬ તા.૧૭–૪–૧૦ ના પત્રની નકલ, ટેના નં.૧૨એ–૧૫ –૦૯૩૧–૦–૦૧૧ ની તા.૮–૧૨–૦૬ ની નોટીસનો નમુનાની નકલ, અરજદારને તા.૨૫–૪–૦૮ ના રોજ આપેલી માહિતી અંગેના પત્રની નકલ,સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩ તા.૨૬–૬–૦૯ ના પત્રની નકલ તથા બાંધકામ અંગેના ફોટા નંગ–૨ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૧–૨–૧૧ ની અરજીથીવોર્ડ નં.૧૨ નોંધ નં.૧૩ ની મિલ્કતના બાંધકામ અને આકારણી બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૭૫૯ તા.૫–૩–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જે બાબતે અરજદારે મળેલી માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી તા.૧૪/૧૫–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજીના મુદ્દાનં.(૧) વોર્ડ નં.૧૨, નોંધ.૧૩૫૨ પૈકીના નીચેના ટેનામેન્ટવાળી મિલ્કતના વપરાશ,વસવાટ, ભોગવટો કરનાર નામ આકારણી દફતરેથી ડીલીટ કરવા ,ટ્રસ્ટી ધ્વારા આવેલ અરજીઓ ,વેચાણ કરારની નકલો/લેખ, વેરાબીલો, ભરેલ વેરાબીલો, કબજા રસીદો, જાહેર નોટીશ, ૧ મરણ દાખલો, તા.૮–૧૨–૦૬ ની ટ્રસ્ટ ઓફ મોગલ ઈમામવાડા મસ્જીદ તરફથી આપના ખાતાને આપેલ આ સાથે બીડેલ છે તેની માર્કીગ કર્યાની નકલો આપવા બાબત ટેનામેન્ટ નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૭ ,૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ ,૧૨એ– ૧૫ –૦૯૩૧–૦–૦૧૪ , ૧૨એ –૧૫– ૦૯૩૧–૦–૦૨૦, ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૨૨ તેવા પ્રશ્ન બાબતે જાહેર

માહિતી અધિકારી તરફથી સદર જણાવેલ ટેનામેન્ટ નંબરોમાં પાર્ટીસ્ટેટસ નંગ–૪ રૂા.૮/– ભર્યેથી મેળવી શકશો જયારે ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ થી સરદારખા કાસમખાનું નામ કમી થતા તેવી મિલ્કત હાલ કબ્જેદાર ટ્રસ્ટના નામે નોંધાયેલ છે. જેથી સબબ ટેનામેન્ટ નંબર કમી થાય છે વેરાબીલ તેમજ ભરેલા વેરાબીલની નકલો રાખવામાં આવતી નથી. પરંતુ તેની માહિતી જે તે વર્ષના સ્ટેટસ ધ્વારા મેળવી શકાશે. વધુમાં ટ્રસ્ટી ધ્વારા તા.૮–૧૨–૦૬ ના રોજ જે અરજી થયેલ છે તે તુમાર કાગળો ઉપલબ્ધ નથી તે તુમાર કાગળોના વિકલ્પે આકારણી દફતરે જેવા કે, એસેસમેન્ટ રજીસ્ટર ડીમાન્ડ, રજીસ્ટર, કટબુકનું ઈન્સ્પેકશન પુરું પાડવામાં આવશે અને તે પૈકી જે માહિતી જરૂર જણાય તેવી માહિતી નિયત ફી ભર્યેથી પૂરી પાડવામાં આવશે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારીએ તા.૮–૧૨–૦૬ નો રેકર્ડ ઉપલબ્ધ ન હોવા છતાં અરજદારે તેવો રેકર્ડ મેળવવા આગ્રહ રાખેલ છે. જયારે વેરાબીલો અંગે નહીં મળે તો પણ ચાલશે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં સદર બાબત પત્ર ન.એઆરડી/૧૫૧ તા.૧૯–૪–૧૦ થી તા.૨૦–૪–૧૧ ના રોજ ઈન્સ્પેકશન આપેલ છે જે અંગે અરજદાર ઈન્સ્પેકશન મેળવી માંગેલ માહિતીની ખરાઈ કરી શકે છે. તેમજ અરજદારે રસીદ નં.૩૮૪૮૭૭ તા.૨૯–૩–૧૧ થી રૂા.૮/– ભરેલ તેના પાર્ટી સ્ટેટસ નંગ–૪ અરજદારને પૂરા પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે પૂરક વિગતોમાં મુદ્દા નં.૧ માં ઈન્સ્પેકશન બાબતેની રજૂઆત કરવાની જગ્યાએ ગેરકાયદેસર બાંધકામ બાબતેની ફરીયાદને લગતી રજૂઆત કરેલ છે જે મુળ અરજીથી અલાયદી છે. મુદ્દા નં.(૨) મે માંગેલ તા.૨૪–૧૨–૧૦ ની માહિતીના આપે આપેલ જવાબ નં.એઆરડી/૧૩૧ નો પત્રના જવાબમાં અનુક્રમ નં.૫ (જવાબ પાના નં. ૨ ઉપર) માહિતી આપેલ હતી કે ટ્રસ્ટના કબ્જામાં ટેના નં.૧૨એ–૧૫ –૦૮૩૧–૦–૦૧૧ ભાડુત સરદારખા કાસમખા નું નામ કમી થતા તે મિલ્કતના કાચા બાંધકામને રીપેર કરી ગર્ડર ચેનલવાળુ ભોય તળીયાનું બાંધકામ કર્યુ છે તો તેમા મે કઈ તારીખે ઉપરોકત ટેનામેન્ટ રીપેર થયુ તેની જાણકારી માંગી હતી તે આપના પત્રમાં જણાવેલ નથી તો રીપેરીંગ થયેલ ટેનામેન્ટ કઈ તારખે થયું તે તારીખની માહિતી આપવા મે. કરશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટેના નં.૧૨એ–૧૫–૯૩૧–૦–૦૧૧ વાળો ભાડુત કમી કરી મિલ્કતનું બાંધકામ કયારે કર્યુ તેની માહિતી સેન્ટ્રલઝોન ખાતે ઉપલબ્ધ નથી. પરંતુ આકારણી દફતરે ગડર ચેનલવાળું બાંધકામ તા.૧–૪–૦૭ ની અસરથી દાખલ કરેલ છે. જયારે તા.૨૭–૩–૦૮ ના પત્રથી સદર મિલ્કત રીપેરીંગ અંગેની જાણ શહેર વિકાસ ખાતાને કરેલ છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં એસેસમેન્ટ રીકવરી વિભાગ ડીલીટ થયા બાદ રીપેરીંગ કરી શકાય તેવો પૂરક પ્રશ્ન અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો ઉપસ્થિત કરેલ છે. તેમજ અરજદારે રીપેરીંગ અંગે ટ્રસ્ટની મંજુરીનો પત્ર અને કેટલા માળનું રીપેરીંગ થયું તેની માહિતી અંગે રજૂઆત કરેલ છે. જે અરજદારની અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. તેમજ પૂરક વિગતોમાં પણ રીપેરીંગ અરજીના ટેનામેન્ટ બાબતેનો પણ પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.(૩) ઉપરોકત ટેનામેન્ટ રીપેરીંગને માટે ટ્રસ્ટ તરફથી અથવા કર્તા હર્તા તરફથી આપેલ અરજી તેની સાથે બીડેલ પુરાવા ટ્રસ્ટનો લેટરપેડ પર ટ્રસ્ટની મંજુરીનો પત્ર અને જે ટેનામેન્ટ રીપેરીંગ થયું તેના કેટલા માળ હતા અને સ્ટ્રકચરના ફોટા, સ્ટેબીલીટી રીપોર્ટ ઉપર પુછયા પ્રમાણે રીપેરીંગ થયાની તારીખ અને છેલ્લુ વેરાબીલ વગેરે જે રીપેરીંગને લગતા તમામ આવેલ પેપર્સ અમોને આપવા નમ્ર અરજ છે. મુદ્દા નં.૪ વેરા રેકર્ડ પરથી દુર થયેલ ૧૦ વર્ષના ટેનામેન્ટોના નંબરો અને કબ્જેદાર વપરાશ કર્તા ના ભાગ આપશો અને જો તે દુર થયેલા ટેનામેન્ટોને બીજા ટેનામેન્ટમાં ભેળવવા (મેળવવા)માં આવલ હોય તો જુના અને નવા ટેનામેન્ટ નંબરોની વિગતવાર માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ અને ૪ બાબતે આકારણી દફતરોનું ઈન્સ્પેકશન કરી જવા પ્રબંધ કરશો. ઈન્સ્પેકશન ફી પ્રથમ અડધા કલાક માટે કોઈ લેવામાં આવતી નથી પરંતુ ત્યાર બાદ સમય મુજબ નિયત ફી ભરવાની રહેશે. તેવું સમય અવધિમાં માહિતી આપી જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં રીપેરીંગ અંગેની ટ્રસ્ટીની સંમતિનો પત્ર તેમજ રીપેરીંગની મંજુરીની અરજી આવેલ પત્ર તેમજ કેટલા માળનું ટેનામેન્ટ રીપેરીંગ થયું વિગેરેની રજૂઆત કરેલ છે. ત્યાર બાદ અરજદારે પૂરક વિગતોમાં પુનઃ ટ્રસ્ટીના લેટરપેડની મંજુરીની નકલ રીપેરીંગની મંજુરી અને ગેરકાયદેસર અંગેની રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને ઈન્સ્પેકશનનો પ્રસ્તાવ કરેલ છે પરંતુ અરજદાર તરફથી આજ દિન સુધી ઈન્સ્પેકશન કરેલ ન હોઈ પૂરક વિગતોમાં અરજદારને પત્ર નં.એઆરડી/૧૫૧ તા.૧૯–૪–૧૧ ના પત્રથી તા.૨૦–૪–૧૧ ના રોજ પુનઃ ઈન્સ્પેકશન કરી જવા જણાવવામાં આવેલ છે. તેવું જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલ તબકકે જણાવેલ છે. આમ અરજદારને નહીં મળેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ઈન્સ્પેકશન પુરું પાડવાની તૈયારી દર્શાવેલ છે. પરંતુ અરજદાર તરફથી ઈન્સ્પેકશન મેળવેલ નથી જે અંગે પુનઃ તક પણ આપેલ જણાય છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

આમ સમગ્ર હકીકત જોતાં અરજદારને મુદ્દા નં.૨ માં માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૧ અંશતઃ અંગે ટેનામેન્ટ નંબરોના પાર્ટી સ્ટેટસની માહિતી અરજદારને તથા કમી અને વેરાબીલો અંગેની માહિતી પૂરી પાડેલ છે. જે અંગે અરજદારને કોઈ તકરાર નથી. મુદ્દા નં.૧ અંશતઃ તથા મુદ્દા નં.૩ અને ૪ અંગે રીપેરીંગ માટે ટ્રસ્ટીની તા.૨૭–૨–૦૮ ની અરજી ટ્રસ્ટીના લેટરપેડ ઉપર ટ્રસ્ટની મંજુરીની નકલ, ડીલીટ માટેના પુરાવાની નકલ, કબ્જા રસીદ ,મરણનો દાખલો વિગેરે માહિતીની માંગણી કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન પુરું પાડવાની તૈયારી દર્શાવેલ હોઈ અરજદાર ઈન્સ્પેકશન મેળવી તેના

રેકર્ડ અંગેની ખરાઈ કરી શકે છે. જયારે અરજદારનો બીજો પ્રશ્ન ગેરકાયદેસર બાંધકામ અને રજાચિઠ્ઠી વગર બાંધકામ બાબતેનો છે જે મુળ અરજીથી અપીલ તબકકે ફરીયાદને લગતો અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય તેવી માહિતીના અરજદારના આગ્રહ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં ઈન્સ્પેકશન પુરું પાડવાની તૈયારી દર્શાવેલ હોય જાહેર માહિતી અધિકારીનો આગોતરો સંપર્ક કરી કચેરી કામકાજ દરમ્યાન બાબત હેઠળના દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–પ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરી અરજદાર મેળવી શકે છે અને રેકર્ડ અંગેની ખરાઈ કરી શકે છે તેમજ જરૂરી ઉતારા કે નકલ ઉપલબ્ધ દફતર પૈકી મેળવી શકે છે. અરજદારની તેવી માંગણી થયે દિન–૭ માં હુકમની અમલવારી માટે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે. અરજદાર મુળ અરજીથી અલાયદી અપીલ તબકકે રજાચિઠ્ઠી અને પ્લાન વિરુધ્ધના બાંધકામ અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી કે.એ. ધીવાલા,